ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, ગાંધીનગર હેઠળની કુલ-૫૬(૫૨+૦૪) હંગામી જગ્યાઓ તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા તેમજ આઉટસોર્સથી ભરાયેલ કુલ-૦૩ જગ્યા વધુ ૧૧ માસ સુધી ચાલુ રાખવા અંગે

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૭/૧૪૯૨૯૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૦૭/૦૨/૨૦૨૨

વંચાણે લીધા-

(૧) આ વિભાગના સરખા ક્રમાંકનો તા:૧૯/૦૮/૨૦૨૧નો ઠરાવ.

(૨) આ વિભાગના સરખા ક્રમાંકનો તા:૧૬/૧૦/૨૦૨૧નો ઠરાવ.

(૩) મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા:૦૧/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક:સમછા/મકમ/૨૦૨૧-૨૨/૧૩થી ૧૪

## પ્રસ્તાવના:-

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા:૧૯/૦૮/૨૦૨૧ના ઠરાવથી ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ઉભા કરવામાં આવેલ સમરસ છાત્રાલયોના વહીવટ માટે રચના કરવામાં આવેલ ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી હેઠળની કુલ-૫૬ (૫૨+૪) હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૨ પરના આ વિભાગના સરખા ક્રમાંકના તા:૧૬/૧૦/૨૦૨૧ના ઠરાવથી ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, ગાંધીનગર ખાતેની આઉટસોર્સથી ભરવામાં આવેલ ૦૩ જગ્યાને ૧૧ માસ માટે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-૩ પરના મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા:૦૧/૦૧/૨૦૨૨ના પત્રથી જિલ્લા કક્ષાની ૫૨ તથા વડી કચેરી, ગાંધીનગર ખાતેની ૦૪ એમ કુલ ૫૬(૫૨+૦૪) હંગામી

જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા તેમજ તેમજ આઉટસોર્સની કુલ-૦૩ જગ્યાઓ ૧૧ માસ માટે ચાલુ રાખવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ:-

મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે આ ઠરાવ સાથે સામેલ પત્રક-૧ મુજબ જિલ્લા કક્ષાની ૫૨(બાવન) તેમજ પત્રક-૨ મુજબ વડી કચેરી ખાતેની ૦૪(ચાર) એમ કુલ-૫૬(૫૨+૦૪) મંજૂર થયેલ હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

વધુમાં, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, વડી કચેરી ગાંધીનગર ખાતે કન્સલ્ટન્ટની ૦૨ જગ્યા અને ડેટા એન્ટ્રી ઓપરેટરની ૦૧ જગ્યા એમ કુલ-૦૩ આઉટસોર્સથી ભરવાની થતી હંગામી જગ્યાઓને વિભાગના તા:૧૨/૦૩/૨૦૧૯ના ઠરાવમાં જણાવ્યા મુજબની શરતો સાથે વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.)ની તા:૨૪/૦૧/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

1. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
2. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
6. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.

7. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
8. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેકશન અધિકારીશ્રી(કોમ્પ..સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય.ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી છે.
10. સિલેક્ટ ફાઈલ-૨૦૨૨.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા:૦૭/૦૨/૨૦૨૨ના ઠરાવ

ક્રમાંક: મકમ/૧૦૨૦૧૭/૧૪૯૨૯૨/જ સાથેનું બિડાણ

પત્રક-૧ જિલ્લા કક્ષાની જગ્યાની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ૧ વર્ષની અંદરની ખાલી જગ્યા | ૧ થી ૩ વર્ષની અંદરની ખાલી જગ્યા | ૩ વર્ષ ઉપરાંત ની ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
| ૧ | સમાજ કલ્યાણ અધિકારી | વર્ગ-૨ | ૧૨ | ૦૬ | ૦૬ | ૦૦ | ૦૪ | ૦૨ |
| ૨ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | વર્ગ-૩ | ૨૦ | ૧૧ | ૦૯ | ૦૨ | ૦૬ | ૦૧ |
| ૩ | જુનિયર કલાર્ક | વર્ગ-૩ | ૨૦ | ૦૮ | ૧૨ | ૦૩ | ૦૭ | ૦૨ |
| | કુલ | | ૫૨ | ૨૫ | ૨૭ | ૦૫ | ૧૭ | ૦૫ |

પત્રક-૨ ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીની વડી કચેરી, ગાંધીનગરની ખાતે ઊભી કરવામાં આવેલ જગ્યાઓની વિગતો દર્શાવતુ પત્રક

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ૧ વર્ષની અંદરની ખાલી જગ્યા | ૧ થી ૩ વર્ષની અંદરની ખાલી જગ્યા | ૩ વર્ષ ઉપરાંતની ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
| ૧ | વહીવટી અધિકારી (પ્રતિનિયુક્તિ) | વર્ગ-૧ | ૧ | ચાર્જમાં | ૧ | - | - | ૧ |
| ૨ | હિસાબી અધિકારી (પ્રતિનિયુકિત) | વર્ગ-૧ | ૧ | ચાર્જમાં | ૧ | - | - | ૧ |
| ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | - | - | - |
| ૪ | હેડ કલાર્ક | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | - | - | - |
| | કુલ | | ૪ | ૨ | ૨ | ૦ | ૦ | ૨ |